## (1) એશિયાઈ સિંહ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ગીરનું જંગલ એશિયાઈ સિંહનું એકમાત્ર કુદરતી ઘર છે.
(2) તાજેતરમાં આ સિંહની વસતી ગણવામાં આવી હતી. જે મુજબ સિંહની સંખ્યા 674 થઈ છે.
(3) વર્ષ 2001 કરતાં ગુજરાતમાં સિંહની સંખ્યા બમણી થઈ છે.
(4) અંતિમ વસતી ગણતરી મુજબ સિંહની સંખ્યામાં આશરે 29%નો વધારો નોંધાયો છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ગુજરાત વન વિભાગ દ્વારા એશિયાઈ સિંહની વસતી ગણતરી કરવામાં આવેલી છે.

⇛ વર્ષ 2015માં ગીરના જંગલમાં 523 સિંહો હતાં જે વધીને વર્તમાન સમયે 674 થયાં છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ મુજબ સિંહની સંખ્યામાં 29% જેટલો વધારો નોંધાયો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ સિંહની વસતી ગણતરી દર 5 વર્ષે કરવામાં આવે છે.

⇛ ઉપરાંત વર્ષ 2001 કરતાં ગુજરાતમાં સિંહની સંખ્યા બમણી થઈ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સાથે સિંહના ભૌગોલિક વિસ્તારમાં પણ વધારો થયો છે. આ વિસ્તાર 2015માં 22,000 વર્ગ કિલોમીટર હતો જે 36% વધીને 30,000 વર્ગ કિલોમીટર થયો છે.

⇛ એશિયાઈ સિંહનું એકમાત્ર કુદરતી ઘર ગીરનું જંગલ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા (IRF-International Religious Freedom) રિપોર્ટ, 2019 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ યુ.એસ. સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

(2) આ અંતર્ગત દેશને બે યાદીમાં વિભાજીત કરવામાં આવે છે.

(3) ચીનનો 'નકારાત્મક ઉદાહરણ'ની યાદીમાં સમાવેશ કવરામાં આવ્યો છે.

(4) ભારતનો સમાવેશ 'હકારાત્મક વિકાસ'માં કરવામાં આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં યુ.એસ. સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા રિપોર્ટ, 2019 જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રિપોર્ટ વિશ્વમાં ધર્મિક સ્વતંત્રતાની પરિસ્થિતિ વિશેનો સર્વે છે.

⇛ આ અંતર્ગત દેશને બે યાદીમાં વિભાજીત કરવામાં આવે છે. (1) 'હકારાત્મક વિકાસ' અને (2) 'નકારાત્મક ઉદાહરણ'. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ નાઈજેરિઆ તથા ચીનને નકારાત્મક ઉદાહરણની યાદીમાં સમાવવામાં આવ્યા છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતનો સમાવેશ એકપણ યાદીમાં કરવમાં આવ્યો નથી. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) ક્વોલિટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (QCI) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે એક સ્વાયત્ત સંસ્થા છે.

(2) તે ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગની એટેચ્ડ્ ઓફિસ છે.

(3) તેના ચેરમેનની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

(4) તેનું કાર્ય ભારતમાં National Accreditation Structure (NAS)ની સ્થાપના કરવાનું તથા તેને ચલાવવાનું છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ક્વોલિટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા **'World Accreditation Day'**ની ઊજવણી **9** જૂને કરવામાં આવેલી છે. આ દિવસની થીમ **"Accreditation : Improving Food Safety"** રાખવામાં આવેલી હતી.

⇛ ક્વોલિટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા એક સ્વાયત્ત સંસ્થા છે જેની સ્થાપના વર્ષ **1997**માં કરવામાં આવી હતી. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ તે કોમર્સ અને ઈન્ડસ્ટ્રી મંત્રાલયની હેઠળ આવેલ ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહ વિભાગની એટેચ્ડ્ ઓફિસ છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ ઉદ્યોગો દ્વારા સરકારને આપવામાં આવેલી ભલામણ મુજબ, પ્રધાનમંત્રી દ્વારા તેના ચેરમેનની નિમણૂક કરવામાં આવે છે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

⇛ તેનું કાર્ય **National Accreditation Structure (NAS)**ની સ્થાપના કરવાનું તથા તેને ચલાવવાનું છે. આ **NAS** આરોગ્ય, શિક્ષણ અને ગુણવત્તા વિભાગમાં એક્રેડિટેશન (માન્યતા, અધિકારિતા) આપવાનું કાર્ય કરશે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) બોર્ડર એડ્જસ્ટમેન્ટ ટેક્ષ (BAT) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) દ્વારા આવા કર પર પ્રતિબંધ લગાડવામાં આવેલ છે.

(2) આ કર આયાત થતાં અને નિકાસ થતાં માલ–સામાન પર લાગડવામાં આવશે.

(3) આ કર 'સ્પર્ધાત્મકતા માટે સમાન પરિસ્થિતિ'ના વિચારને પ્રોત્સાહન આપે છે.

(4) આ કર દ્વારા કોઈ દેશ તેની વેપારની ખાદ્યને ઘટાડી શકે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (2) અને (3)

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ નીતિ આયોગના એક સભ્યએ સ્વદેશી ઉદ્યોગોને સરખી તક મળી રહે તે હેતુથી બોર્ડર એડ્જસ્ટમેન્ટ ટેક્ષની ભલામણ તેના દ્વારા કરવામાં આવી હતી.

⇒ આ એક પ્રકારનો કર છે જે આયાતી માલ–સામાન પર કસ્ટમ ડ્યુટી ઉપરાંત લગાડવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ કસ્ટમ ડ્યુટી માલ–સામાનના પ્રવેશ સ્થળે લાગે છે જ્યારે આ કર તેના વેંચાણ સ્થળે અથવા અંતિમ સ્થળે લગાડવામાં આવે છે.

⇒ આ કર 'સ્પર્ધાત્મકતા માટે સમાન પરિસ્થિતિ'નું પ્રોત્સાહન કરવા ઈચ્છે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) દ્વારા કેટલીક શરતો સાથે આ કર લગાડવાની છૂટછાટ આપવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ આ કર દ્વારા આયાતમાં ઘટાડો થઈ શકશે તથા નિકાસ વધી શકશે. પરિણામે જે–તે દેશની વેપારની ખાદ્ય ઘટે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) સિક્કીમ-તિબેટ કન્વેન્શન, 1890 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કન્વેન્શન પર કલકત્તા કન્વેન્શન દરમિયાન સહી કરવામાં આવી હતી.

(2) આ કન્વેન્શન મુજબ 'નકુ લા' તિબેટના વિસ્તારમાં આવે છે.

(3) ચીન દ્વારા સિક્કીમના ભારતમાં ભળ્યાં સુધી આ કન્વેન્શનને સ્વીકારવામાં આવેલ છે.

(4) આ સંધિમાં તિબેટના રાજા, બ્રિટન અને ભારતના ગવર્નર સભ્યો હતાં.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ભારત અને ચીન વચ્ચે સીમાવિવાદ થતાં 'સિક્કીમ–તિબેટ કન્વેન્શન, 1890' ચર્ચામાં આવ્યું છે.

⇛ તજજ્ઞોના મત મુજબ, આ કન્વેન્શન 'નકુ લા'ને ભારતનો ભાગ ગણાવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વર્ષ 1975માં સિક્કીમ ભારતમાં ભળ્યું હતું. આ સમય સુધી જ ચીન દ્વારા આ કન્વેન્શનને માન્યતા આપવામાં આવી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સંધિ બ્રિટન અને ચીનના સામ્રાજ્ય વચ્ચે થયેલી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ સંધિ પર 1890ના કલકત્તા કન્વેન્શન દરમિયાન સહી કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સંધિમાં 8 અનુચ્છેદ છે. જે પૈકી પ્રથમ અનુચ્છેદ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે કારણ કે તેમાં સિક્કીમ અને તિબેટની સરહદ નિર્ધારીત કવરામાં આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT